જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૧/૨૦૧૫ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૦/૧૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી ૩૪ વ્યક્તિઓને ઝડપી ૧૫૨ લીટર દેશી દારૂ અને ૦૧ બોટલ ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધાર હેઠળ ૦૧ કેસ કરી ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૭૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૧/૧૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૮૨/૧૫

**મણીનગર :** યોગેશભાઇ ગુણવંતરામ જોષી (રહે.રીતુ એપાર્ટમેન્ટ, નિલમપાર્ક સોસાયટી, ભૈરવનાથ રોડ, મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૧/૧૫ સવારના ૧૦/૩૦ થી તા.૧૧/૧/૧૫ બપોરના ૨/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીનાં દાગીના અને રોકડ રૂપિયા ૨૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૮૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.તેજોત ચલાવે છે.

## સોનાનો દોરો ખેંચી લઇ ગયોઃ- સમાચાર યાદી નં.૮૩/૧૫

**ઓઢવ :** નિતાબહેન મનસુખભાઇ પ્રજાપતિ (રહે.હસ્તીનાપુર સોસાયટી, વિમલપાર્કની પાછળ, અર્બુદાનગર, ઓઢવ) તા.૧૧/૧/૧૫ બપોરનાં ૪/૦૦ વાગ્યાના સુમારે મહેન્દ્ર કોટક બેંકની સામે, સી.એમ.સી. ત્રણ રસ્તા પાસે વેરા તરફનાં રોડ ઉપરથી ચાલતાં પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાનાં) નિતાબહેનનાં ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૪૨,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ નિતાબહેન પ્રજાપતિએ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.આર.જનકાન્ત ચલાવે છે.

## વાહનચોરી :- સમાચાર યાદી નં.૮૪/૧૫

**શાહપુર :** પ્રકાશભાઇ વાડીલાલ શાહ (રહે.અશોકવિહાર ફ્લેટ, એન્જીનીયરીંગ કોલેજ સામે, મોટેરા) એ તા.૧૦/૧/૧૫ રાતનાં ૧૦/૦૦ વાગે ઘી કાંટા, અમદાવાદ જુની કોલેજ પાસે, સારાભાઇની વાડીના પાછળના ગેટ આગળ, રોડ ઉપર પોતાની ટાટા ઇન્ડીગો કાર નંબર.જીજે.૧૮.એ.એ.૮૮૩૧ કિંમત રૂપિયા ૪૮,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૧/૧/૧૫ સવારનાં ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ પ્રકાશભાઇ શાહે શાહપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.એફ.સીદીકી ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૮૫/૧૫**

**વટવા : (૧)** એમેટભાઇ અનીલભાઇ દેસાઇ (રહે.કિશ્ચીયન સ્ટ્રીટ, બજારીયા ખેડા કેમ્પ, તા.જી.ખેડા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૧/૧૫ નાં કલાક ૧૨/30 વાગ્યાના સુમારે જેતલપુર ગામ, હાઇવે નં.૮ ઉપરથી એમેટભાઇ પોતાની કાકી ભારતીબહેન જયરામભાઇ (ઉ.વ.૪૫) ને મોટર સાયકલ પાછળ બેસાડી પસાર થઈ રહ્યા હતા ત્યારે ટ્રક નંબર જીજે.૧.સી.ઝેડ.૨૭૯૫ નાં ચાલકે પોતાની ટ્રક બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી લાવી એટેમભાઇની મોટર સાયકલને ટક્કર મારતાં, ભારતીબહેન નીચે પડી જતાં તેમનાં કમ્મરનાં ભાગે ટ્રકનું પાછળનું વ્હીલ ચઢી જતાં, તેમનું સ્થળ ઉપર મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એસ.પટેલ ચલાવે છે.

**(૨) :** રાજેશભાઇ રામવિલાસભાઇ પટેલ (રહે.કોયલી તલાવડીનાં છાપરાં, નારોલ) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૧/૧૫ બપોરનાં ૨/30 વાગ્યાના સુમારે કોયલી તલાવડીના સામેથી કાલીકાસિંગ બળદેવસિંગ પટેલ(ઉ.વ.૭૦) રોડ ક્રોસ કરતા હતા દરમ્યાન એક ઓટોરીક્ષા નંબર જીજે.૨૭.યુ.૮૪૨૩ નાં ચાલકે પોતાની ઓટોરીક્ષા બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી લાવી કાલીકાસિંગને ટક્કર મારી શરીરે ગંભીર ઇજાઓ પહોંચાડી હતી. સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરેલ હતા. જ્યાં સારવાર દરમ્યાન બપોરનાં ૪/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એસ.પટેલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.